# કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર/ કરાર વ્યવસ્થાપક

કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર એ એક એવા વ્યાવસાયિક છે જે કોન્ટ્રાક્ટ/કરાર તૈયાર કરવા, વાટાઘાટો કરવી, કરાર ઉપર હસ્તાક્ષરો કરવા અને કરારની શરતોના અનુપાલનની દેખરેખ રાખે છે. સામાન્ય રીતે, ઉત્પાદનો, માલસામાન, પુરવઠો, સેવાઓ અથવા સામગ્રીના વેચાણ અથવા ખરીદીને લગતા કરારોનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો બારીકાઈથી ધ્યાન આપો
- તમે લેખન અને શાબ્દિક એમ બંને પ્રકારનું ભાષાકિય કૌશલ્ય ધરાવો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈનાન્સ, એકાઉન્ટિંગ અથવા કાયદાના વિષયોમાં સ્નાતક (BBF / B.Sc / B.Com / LLB / BBA)ની ડિગ્રી મેળવો. અથવા

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (MAF / NSC / LLN / MBA)ની ડિગ્રી મેળવો

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટરનું માસિક વેતન
રૂ. ૬૬,૬૬૭ થી ૧,૬૬,૬૬૭* જેટલું હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?job=contracts manager

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** અનેકવિધ કોન્ટ્રાક્ટ/કરારો તૈયાર કરવાની જરૂરીયાત રહેતી હોય તેવી કોઈપણ મોટી કંપનીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાની જવાબદારી નિભાવવી પડી શકે છે. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે કારણ કે વિક્રેતાઓ, સેવાઓ પુરી પાડનારાઓને મળવા માટે તમારે મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરો તેવી સંભાવના છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર → સિનિયર કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર → કોન્ટ્રાક્ટ મેનેજર → કોન્ટ્રાક્ટ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર, કોન્ટ્રાક્ટ એડમિન, ટેન્ડર અને કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. બી.એચ.યુ., વારાણસી
૨. એન.એલ.યુ., દિલ્હી (આર્બિટ્રેશન લૉ વિશેનો ઑનલાઇન અભ્યાસક્રમ)
૩. ભારતીય આર્બિટ્રેશન અને મધ્યસ્થી સંસ્થા, દિલ્હી
૪. ભારતીય આર્બિટ્રેશન અને મધ્યસ્થી સંસ્થા, કોચીન
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તા
૬. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૭. ગુરુ ગોવિંદ સિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી
૮. એમએસયુ, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત
૨. વિવેકાનંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ (વી.આઈ.પી.એસ.), નવી દિલ્હી
૩. સ્કૂલ ઓફ લો, ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૪. ગલગોટીયાસ યુનિવર્સિટી, નોઈડા
૫. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૬. ચંદ્રપ્રભુ જૈન કોલેજ ઓફ હાયર સ્ટડીઝ એન્ડ સ્કૂલ ઓફ લો
૭. કેરીયર પોઈન્ટ યુનિવર્સિટી (સી.પી.યુ.આર.), કોટા
૮. ચેટ્ટીનાડ સ્કૂલ ઑફ લૉ, તમિલનાડુ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=law/
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**કૌશિક ચંદ્ર એલ.**, મુંબઈના શાપુરજી અને પાલનજીમાં કોન્ટ્રાક્ટ એડમિનિસ્ટ્રેટર તરીકે ફરજ બજાવે છે. આ પહેલાં તેમણે લાર્સન એન્ડ ટુબ્રો સાથે કામ કર્યું હતું. તેમણે કર્ણાટકની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ એન્જિનિયરીંગમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં સ્નાતકની તેમજ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, ગોવામાંથી એમ.બી.એ.ની પદવી હાંસલ કરી છે.*

સ્રોત: https://www.gulftalent.com/people/kaushik-chandra-l-8522422

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.